જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૧૨/૨૦૧૫ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**        **સમાચાર યાદી નં.૨૪૨૨/૧૫**

## બ્લેડ ના ઘા મારી લુંટ કરતો આરોપીને  લુંટ કરેલ મોબાઇલ ફોન સાથે પકડી લુંટના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓએ, મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઇન્સ. શ્રી જે.એન.ચાવડા નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન પો.સ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી અમજદ ઉર્ફે લીબુંભાઇ સ/ઓ નુરમહમદ પઠાણ ઉ.વ ૩૮ રહે.ચોકીદાર બાવાની દરગાહ, જેનબ બીબીની ચાલી, મિલ્લતનગર ઢાળ,ઇસનપુર અમદાવાદ ને ઇસનપુર મીરા સિનેમા ચાર રસ્તા પાસે પાસેથી પાસેથી માઇક્રોમેક્સ કંપનીનો એક્સ 353 મોડલનો મોબાઇલ ફોન સીમકાર્ડ વગરનો કિમત રૂ.૨૦૦૦/- ની મતાના મુદ્દામાલ સાથે આજરોજ તા.૦૨/૧૨/૨૦૧૫ ના કલાક ૧૨/૩૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.

સદર મોબાઇલ ફોન ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં-૨૬/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૩૯૪, ૧૧૪ મુજબના ગુન્હાનો મુદામાલ હોય સદરી ઇસમને ઇસનપુર પો.સ્ટે ખાતે મુદ્દામાલ આગળની વધુ તપાસ અર્થે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)